# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતની અધ્યક્ષતામાં ઔદ્યોગીક ઈકોસિસ્ટમ અંગેની મળેલ મિટીંગમાં વિવિધ પ્રશ્નો રજુ કરવામાં આવ્યા....

ગુજરાત રાજયના માનનીય ઉધોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતની અધ્યક્ષતામાં તથા રાજયકક્ષાના ઉધોગમંત્રીશ્રી જગદીશભાઈ પંચાલ તથા ઉધોગ કમિશ્નરશ્રી રાહુલ ગુપ્તા સાહેબની ઉપસ્થિતિમાં ઔધોગીક ઈકોસિસ્ટમ અંગે સુચનો જાણવા માટે તા.૮-૧-૨૦૨૫ ના રોજ ઉધોગ ભવન, ગાંધીનગર ખાતે મિટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા ઉપસ્થિત રહી નીચે મુજના પંશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ હતા.

(૧) મનરેગા યોજનાને MSME સેકટર સાથે લીંક કરવી જેથી કરીને MSME ને પ્રોત્સાહન મળશે. તેમજ મનરેગાના લાભાર્થીઓના કૌશલ્યામાં વધારો થશે. જેના પ્રત્યુતરમાં માનનીય ઉધોગમંત્રીશ્રીએ જણાવેલ કે, આ સુચન ખુબ જ સારૂ છે પરંતુ આ નિર્ણય નિતી વિષયક હોય સરકારમાં આ અંગે ખાસ રજુઆત કરીશું.

(૨) ઉધોગકારોને જીઆઈડીસી અને ઔધોગીક વિસ્તારોમાં પ્લોટની ફાળવણી તેમજ જંત્રીના દરમાં રહેલ વિસંગતતાઓ દુર કરવા રજુઆત કરવામાં આવેલ. જેના પ્રત્યુતરમાં માનનીય ઉધોગમંત્રીશ્રીએ જણાવેલ કે, જીઆઈડીસીની જંત્રી અને પ્લોટ ફાળવણી માટે સરકાર ખરેખર ગંભીરતાથી વિચારે છે. તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ પણ આ બાબતમાં ખુબ જ પોઝીટીવ રસ દાખવેલ છે. તેથી ઉધોગકારોને નુકશાન ન થાય અને ઉધોગોના હિતમાં નિર્ણય લઈશું.

(૩) રાજકોટ ખાતે વિશાળ જગ્યામાં તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું. જેના પ્રત્યુતરમાં માનનીય ઉધોગમંત્રીશ્રીએ જણાવેલ કે આ અંગે ફરીથી સરકાર સમક્ષા પ્રપોઝલ મોકલી યોગ્ય કરવામાં આવશે.

(૪) ડિફેન્સ અને એરોસ્પેસક્ષેત્રે પણ રાજકોટ અનેક પ્રોડકટસનું ઉત્પાદન કરી રહયું હોય ડિફેન્સ પોલીસીમાં ઔધોગીક એકમોને જંત્રીના ૨૫% મુજબ જગ્યા આપવા માટે રાજકોટનો તેમાં સમાવેશ કરવો. આ બાબતે માનનીય ઉધોગમંત્રીશ્રીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય કરવા ખાત્રી આપેલ.

(૫) જીઆઈડીઓમાં ઉધોગકારો માટે પીવાના પાણીના ભાવમાં જે દર વર્ષે ૧૦%ના વધારો થતો હતો તે અંગે યોગ્ય કરવા રજુઆત કરેલ. આ બાબતે માનનીય ઉધોગમંત્રીશ્રીએ પીવાના પાણીના ભાવ ૧૦% ના બદલે દર વર્ષે ૩% વધશે તેવો નિર્ણય લઈ સૌને જાણ કરેલ હતી.

(૬) રાજય સરકાર દ્વારા જેમ સુચિત મકાનો-પ્લોટો ઈમ્પેકટ ફી ભરી રેગ્યુલાઈઝ કરવામાં આવી રહયા છે. તેમ ઈન્ડસ્ટ્રીના સર્વાંગી વિકાસને પણ ધ્યાનમાં રાખી ઈન્ડસ્ટ્રીયલ એરીયાને સમાવેશ કરી રેગ્યુલાઈઝ કરવા અંગે રજુઆત કરવામાં આવેલ. જેના પ્રત્યુતરમાં માનનીય ઉધોગોમંત્રીશ્રી જણાવેલ કે, આ નિતી વિષયક નિર્ણય હોય તેની સરકારમાં રજુઆત કરી યોગ્ય કરીશું.

(૭) ઉધોગકારોને જીઆઈડીસીમાં જે પ્લોટ ટ્રાન્સફર દરમ્યાન દર વખતે ૫% થી ૧૦% ટ્રાન્સફર ફી ભરવામાં આવે છે અને આ પ્લોટની લીઝ ડીડ કરતી વખતે સરકાર દ્વારા અગાઉ થયેલ ટ્રાન્સફરના કિસ્સામાં પણ તે વખતની સ્ટેમ્પ ડયુટી ઉમેરીને ફી વસુલવામાં આવે છે જે ખરેખર અયોગ્ય છે. જેના પ્રત્યુતરમાં માનનીય ઉધોગમંત્રીશ્રીએ જણાવેલ કે, આ બાબત અમારા ધ્યાન ઉપર છે જ તે અંગે યોગ્ય નિર્ણય લઈને નિરાકરણ લાવવામાં આવશે.